ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર

સગરામપુરા, મજુરાગેટ ક્રોસીંગ,
રીંગરોડ, સુરત

દુકાન નંબર : ડી/એચજી-૧૧

વેચાણ દસ્તાવેજ

વેચાણ રાખનાર : શ્રી રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી

વેચાણ આપનાર : શ્રી સંજય બાબુલાલ સુરાના

દસ્તાવેજ નંબર : ૫૦૪૯ સુરત-૨ (ઉધના)

તારીખ : ૧૪/૩/૨૦૦૮

રજુ ના. ૧૯



गुजरात GUJARAT

089078

રજી. નં. :- ૬૨૭૦૦

તારીખ :- ૧૧/૩/૨૦૦૮

હસ્તક :- [illegible]

યોગેશ યશવંતલાલ દેસાઇ
નાનપુરા, પારસીવાડ, સુરતના
સ્ટેમ્પ વેન્ડર. લા. નં. ૩/૯૪
[illegible]

શ્રી રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી,
૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ
રોડ, સુરત

SRT/2/UDN
No 5049 - 1/27
2008

તારીખ : 18 MAR 2008	
ટોકન નંબર	[illegible]
254	
સબ રજીસ્ટ્રાર સુરત-૨, (ઉધના.)	

વેચાણ દસ્તાવેજ

રૂા. ૬,૩૩,૭૫૦/-

અંકે રૂપિયા છ લાખ તેત્રીસ હજાર સાતસો પચાસ પુરાનો

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

रु.5000

पाँच हजार रुपये

सत्यमेव जयते

INDIA

Rs.5000

FIVE THOUSAND RUPEES

ગુજરાત गुजरात GUJARAT

331732

રજી. નં. :- ૬૨૭૦૧

તારીખ :- ૧૪/૩/૨૦૦૮

હસ્તક :

યોગેશ યશવંતલાલ દેસાઇ

નાનપુરા, ખારવાવાડ, સુરતના

સ્ટાંમ્પ વન્ડર. લા. નં.-3/૯૪

શ્રી રમેશભાઇ વિરજીભાઇ ગોધાણી,

૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ

રોડ, સુરત

SRT/2/UDN

No 5049 - 4/27

2008

SUB REGISTRAR UDHNA

સંવત ૨૦૬૪ ના ફાગણ સુદ આઠમને વાર : શુક્રવાર, તારીખ : ૧૪ મી, માહે:

માર્ચ, સને : ૨૦૦૮ નાં અંગ્રેજી દિને..

3

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

रु.5000

पाँच हजार रुपये

Rs.5000

FIVE THOUSAND RUPEES

सत्यमेव जयते

INDIA

ગુજરાત गुजरात GUJARAT

331731

સ્ટ્રા. નં. :- ૬૨૭૦૨

તારીખ :- ૧૧/૩/૨૦૦૮

હસ્તક :- યોગે. ય. દેસાઈ

યોગેશ યશવંતલાલ દેસાઈ

નાનપુરા, ખારવાવાડ, સુરતના

સ્ટાંપ વેન્ડર. લા. નં.-3/૯૪

યોગેશ દેસાઈ

શ્રી રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી,
૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ
રોડ, સુરત

SRT/2/UDN
No 5049 3/22
2008

SUB REGISTRAR (UDHNA)

તમો આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર તે પહેલા પક્ષના:-

શ્રી રમેશભાઈ વિરજીભાઈ ગોધાણી, જાતના હિંદુ, ઉ.આ.વ. ૩૩ વર્ષ, ધંધો : વેપાર, રહેવાસી : ૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ રોડ, સુરત (IT PAN NO. ABAPG3869N)

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''તમો'' અગર ''વેચાણ રાખનાર'' અગર ''પહેલા પક્ષના'' તરીકે સંબોધવામાં આવેલ છે. તે સંજ્ઞમાં આ દસ્તાવેજના અનુસંદર્ભમાં વિસંગતતા ન હોય ત્યાં સુધી પહેલા પક્ષના ઉપરાંત પહેલા પક્ષનાના વંશવાલી વારસો, એડમિનિસ્ટ્રેટર્સ, ટ્રાન્સફરી, એસાઈની, ઈત્યાદિ તમામનો સમાવેશ થયેલો ગણવાનો છે.)

भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

एक हजार रुपये ONE THOUSAND RUPEES

रु.1000 Rs.1000

सत्यमेव जयते

INDIA

ગુજરાત गुजरात GUJARAT B 094577

સ્ટા. નં. :- ૬૨૭૯૩

તારીખ :- ૧૧/૩/૨૦૦૮

હસ્તક :- ઝો.મ.ચ. દેસા.-

યોગેશ યશવંતલાલ દેસાઇ
નાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટાંમ્પ વન્ડર, લા.નં.-3/૯૪

શ્રી રમેશભાઇ વિરજીભાઇ ગોધાણી,
૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ
રોડ, સુરત

SRT/2/UDN
No 5049 ૫/૨૭
2008

REGISTRAR

જોગ લી.

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચાણ આપનાર તે બીજા પક્ષના:

શ્રી સંજય બાબુલાલ સુરાના, જાતના હિંદુ, ઉ.આ.વ. ૩૮ વર્ષ, ધંધો : વેપાર, રહેવાસી : ૮૧, સંત તુકારામ સોસાયટી વિભાગ-૩, વિવેકાનંદ ગાર્ડન સામે, જમના નગર પાસે, ઘોડદોડ રોડ, સુરત (IT PAN NO. ABIPS4089E)

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "હમો" અગર "વેચાણ આપનાર" અગર "બીજા પક્ષના" તરીકે સંબોધવામાં આવેલ છે. તે સંજ્ઞામાં આ દસ્તાવેજના અનુસંદર્ભમાં વિસંગતતા ન હોય ત્યાં સુધી બીજા પક્ષના ઉપરાંત બીજા પક્ષનાના વંશવાલી વારસો, એડમિનિસ્ટ્રેટર્સ, એક્ઝિક્યુટર્સ, ટ્રાન્સફરી, એસાઈની, ઈત્યાદિ તમામનો સમાવેશ થયેલો ગણવાનો છે.)

૪

૫

भारतीय गैर न्यायिक

भारत INDIA

रु. 500 FIVE HUNDRED RUPEES

पाँच सौ रुपये Rs. 500

सत्यमेव जयते

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

A 868847

રજી. નં. :- ૬૨૭૦૪
તારીખ :- ૧૧/૩/૨૦૦૮
દસ્તક : રમેશ.વિ.ગો.
યોગેશ યશવંતલાલ દેસાઇ
બાનપુરા, ખારવાવાડ, સુરતના
સ્ટૉમ્પ વેન્ડર, લા. નં.-૩/૯૪

શ્રી રમેશભાઇ વિરજીભાઇ ગોધાણી,
૬૫-૬૬, કંતારેશ્વર સોસાયટી, કતારગામ
રોડ, સુરત.

SRT/2/UDN
No 5049 5/27
2008

SUB REGISTRAR UDHNA

જત આ વેચાણ દસ્તાવેજના લેખથી હમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજા પક્ષના તમો આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર પહેલા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે :-

નીચે પરિશિષ્ટમાં જણાવેલી મીલ્કત અમો બીજા પક્ષનાની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકી કબજા ભોગવટા વહીવટની ચાલી આવેલી. સદર મીલકતની અમો બીજા પક્ષના અમારી મરજી મુજબની વહીવટ, વ્યવસ્થા કરવાને તેમજ વેચાણ કરવાને હકકદાર છીએ અને તેવા અમો બીજા પક્ષનાના હકક અને અધિકારની રૂએ સદરહુ નીચે જણાવેલી વિગતની મીલકત અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને રૂા. ૬,૩૩,૭૫૦/- અંકે રૂપિયા છ લાખ તેત્રીસ હજાર સાતસો પચાસ પુરાના કિંમતી અવેજ

SRT/2/UDN
No 5049-6/27
2008

બદલ, અવેજની પુરી ચુકતે રકમ સ્વીકારી પ્રત્યક્ષ કબજા સાથે માલિકી હકકે હરહંમેશ કાયમને માટે આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. વેચાણ અવેજની રકમ અમો બીજા પક્ષનાને તમો પહેલા પક્ષના કનેથી બેંક ઓફ ઇન્ડિયાના ચેક નં. ૩૭૯૪૯૦, તા. ૧૧/૩/૨૦૦૮ થી ચુકતે મળેલ છે. જે મળ્યાની અમો બીજા પક્ષના આથી પહોંચ સ્વીકારીએ છીએ. વેચાણ અવેજ ઓછો મળ્યાની યા નહીં મળ્યાની અમો બીજા પક્ષનાએ ભવિષ્યમાં કોઇ તરતકરાર કરવા કરાવવાની નથી. અને જો કરીએ તો તે આથી રદબાતલ થાય સહી.

નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વેચાણ આપેલ મીલ્કતના ટાઇટલ અમો બીજા પક્ષનાથી પૂર્ણ થાય છે, તે એવી રીતે કે :-

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના સગરામપુરા, મજુરાગેટ વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર ૨ સીટી સર્વે નંબર ૧૯૩૨ થી નોંધાયેલી મીલકત એક ગોપાળભાઇ ગણેશભાઇ કાપડિયાની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા વહીવટની ચાલી આવેલી. સદરહુ મીલકત તેમણે તા. ૧૫/૪/૧૯૪૮ ના રોજના વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. જે દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૫૪૦ નંબરે તા. ૧૫/૪/૧૯૪૮ ના રોજ નોંધાયેલો છે. તેઓ તા. ૨૮/૧/૧૯૬૮ ના અરસામાં પોતાની પાછળ વારસોમાં બે પુત્રો નામે પ્રેમવદન તથા ભુપેન્દ્રભાઇ અને છ પુત્રીઓ નામે હસમુખબેન, શશીબેન, શારદાબેન, પદમાબેન, રંજનબેન તથા પુષ્પાબેનને મુકીને ગુજરી ગયેલા અને સદરહુ મીલકતના હિંદુ વારસા ધારાની જોગવાઇઓ અન્વયે આ તમામ શખ્સો માલીક થયેલા. વારસદારો પૈકી પ્રેમવદન ગોપાળદાસ તથા ભુપેન્દ્ર ગોપાળદાસના નામો સીટી સર્વે, સુરત દફતરે તા. ૧૨/૨/૧૯૬૮ ના રોજ તેમજ છ પુત્રીઓના નામો તા. ૧૫/૬/૧૯૭૪ ના રોજ દાખલ થયેલા.

THE SUB REGISTRAR

સદરહુ મીલકતની હદહુદથી વહેંચણ કરાવવા માટે વારસદારો પૈકીના શશીબેન બળવંતરામ સોડીવાળાએ બાકીના સામે મે. સુરતના સીવીલ જડજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં સ્પે. દિ. મુ. નં. ૨૯૪/૭૯ નો દાવો દાખલ કરેલો, અને તે દાવાના કામે નામદાર કોર્ટે તા. ૨૬/૨/૧૯૮૦ ના રોજ વહેંચણનું હુકમનામું કરી આપેલું, તે હુકમનામું મે. સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર ૩૦૩૮ તા. ૧૭/૫/૧૯૮૦ ના રોજ નોંધાયેલું છે. જે વહેંચણ અનુસાર સદર વોર્ડ નં.૨, સીટી સર્વે નં. ૧૯૩૨ થી નોંધાયેલી મીલકતના નીચે મુજબ ભાગલા થયેલા, અને જે તે હિસ્સાના તેની સામે જણાવેલ જે તે ઇસમો માલીક કબજેદાર બનેલા તથા સીટી સર્વે નં. ૧૯૩૨/૩ ક્ષેત્રફળ સુમારે ૪૮૭.૪૬.૩૮ સ.ચો.મી.ના હીસ્સાવાળી જમીન તમામ હીસ્સેદારો માટે આંતરીક રસ્તા માટે રાસુકી રાખવામાં આવેલી.

SRT/2/UDN
№ 5049-7/27
2008

પ્લોટ નંબર	સીટી સર્વે મુજબ હીસ્સા નંબર	ક્ષેત્રફળ સચોમી.	માલીકનું નામ
૧	૧૯૩૨/૨	૧૪૪૦.૦૯૪૬	પુષ્પાબેન જે. ધારીવાળા રંજનબેન કાંતીલાલ જડીયા
૨	૧૯૩૨/૪	૯૮૩.૮૪૬૩	પ્રેમવદન ગોપાળદાસ કાપડિયા (એચયુએફ) ભુપેન્દ્ર ગોપાળદાસ કાપડિયા (એચયુએફ)
૩	૧૯૩૨/૫	૭૯૧.૫૩૬૪	શશીબેન બળવંતરામ સોડીવાળા
૪	૧૯૩૨/૬	૯૯૫.૧૮૦૫	પદમાબેન બુરખાવાળા
૫	૧૯૩૨/૭	૮૩૫.૫૭૨૬	હસમુખબેન સી. બંદરીયાના એક્ઝીક્યુટર્સ નરેશભાઇ બંદરીયા વગેરે.

સીટી સર્વે, સુરત દફતરે પણ ઉપરોક્ત હિસ્સા નંબરના કાર્ડ અલગ થયેલા.

સીટી સર્વે નં. ૧૯૩૨/૨ ક્ષેત્રફળ ૧૪૪૦.૦૯૪૬ સ.ચો.મી. વાળી મીલકતના સરખા હીસ્સાના માલીક પુષ્પાબેન જયવદન ધારીવાળા તથા રંજનબેન કાંતિલાલ જડીયા વચ્ચે ખાનગી વહેંચણ થયેલી, અને તે વહેંચણ રૂએ હિસ્સા નં. ૧૯૩૨/૨ ની કુલ ૧૪૪૦.૦૯૪૬ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી મીલકત પૈકી ૭૨૦.૦૬૨૩ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી મીલકત રંજનબેન કાંતિલાલ જડીયાને હીસ્સે આપવામાં આવેલી, અને સીટી સર્વે, સુરત દફતરે તેનો કાર્ડ અલગ થયેલો, અને તેનો નવો નંબર ૧૯૩૨/૨-અ થયેલો. તેમજ બાકીની ૭૨૦.૦૩૨૩ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી મીલકત પુષ્પાબેન જયવદન ધારીવાળાને હિસ્સે આપવામાં આવેલી, અને સીટી સર્વે દફતરે તેનો કાર્ડ અલગ થયેલો, અને તેનો નવો નંબર ૧૯૩૨/૨-બ થયેલો. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તા. ૩૦/૧૦/૧૯૯૨ ના રોજ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૨-અ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની વોર્ડ નંબર ૨, સીટી સ. નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતાં વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની જમીન રંજનબેન કાંતિલાલ જડીયાએ (૧) નૈનેષ પ્રેમવદન કાપડીયા (૨) રશ્મી ઉર્ફે રમીલા સુરેન્દ્ર કાપડીયા (૩) ચંદા ઉર્ફે ચંદ્રાવતી મુકુંદ કાપડીયાને સંયુકત ભેગા ૫૦ ટકા હીસ્સે તથા મીના ઉર્ફે મીનાક્ષી સંજય કાપડીયાને એકલીને ૫૦ ટકા હીસ્સે તા. ૨૮/૩/૧૯૯૬ ના રોજના બક્ષીસ દસ્તાવેજથી બક્ષીસ આપેલી. જે બક્ષીસ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નંબર ૭૩૨૫ થી તા. ૨૧/૬/૧૯૯૬ થી નોંધાયેલ છે જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૯/૧૨/૧૯૯૬ ના રોજ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૨-બ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની વોર્ડ નંબર ૨ સી.સ.નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતી વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની

SRT/2/UDN
№ 5049-8/27
2008

જમીન પુષ્પાબેન જયવદન ધારીવાળાએ (૧) ઉમાબેન નૈનેશ કાપડિયા (૨) રશ્મી ઉર્ફે રમીલા સુરેન્દ્ર કાપડીયા (૩) ચંદા ઉર્ફે ચંદ્રાવતી મુકુંદ કાપડીયાને સંયુકત ભેગા ૫૦ ટકા હીસ્સે તથા સંજય ભુપેન્દ્ર કાપડીયાને એકલાને ૫૦ ટકા હીસ્સે તા. ૨૮/૩/૧૯૯૬ ના રોજના બક્ષીસના દસ્તાવેજથી બક્ષીસ આપેલી. જે બક્ષીસ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નંબર ૭૩૨૪ થી તા. ૨૧/૬/૧૯૯૬ થી નોંધાયેલ છે. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૯/૧૨/૧૯૯૬ ના રોજ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૪ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની સી.સ.નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતી વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની જમીન પ્રેમવદન ગોપાળદાસ કાપડીયા એકત્ર હિંદુ કુટુંબને ૫૦ ટકા હીસ્સે તથા ભુપેન્દ્ર ગોપાળદાસ કાપડીયા એકત્ર હિંદુ કુટુંબને ૫૦ ટકા હીસ્સે માલીકી હકકે પ્રાપ્ત થયેલી. ભુપેન્દ્રભાઈ ગોપાળદાસ કાપડીયા તા. ૧૯/૨/૧૯૮૬ ના રોજ વારસોમાં તેમની વિધવા દમયંતિબેન, પુત્ર સંજય તથા પુત્રી પીન્કી ઉર્ફે જયોતિબાળાને મુકીને બિનવસીયત ગુજરી ગયેલા. જેથી તેમનો ૫૦ ટકા હીસ્સો વારસાઇ હકકે સદર વારસોને પ્રાપ્ત થયેલો. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૫/૬/૧૯૮૬ ના રોજ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૫ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની સી.સ.નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતી વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની જમીન શશીબેન બળવંતરામ સોડીવાળાને માલીકી હકકે પ્રાપ્ત થયેલી. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૨૨/૭/૧૯૭૯ ના રોજ થયેલ છે. તેણીએ તા. ૧૦/૪/૧૯૮૬ ના રોજનું એક વીલ કરેલું, તેણી તા. ૧૨/૬/૧૯૮૬ ના રોજ ગુજરી ગયેલા, તેણીના ગુજરવા બાદ વીલની રૂએ નીમે યાને અડધો હીસ્સો સુરેન્દ્ર પ્રેમવદન કાપડીયા, મુકુંદ પ્રેમવદન કાપડીયા, નૈનેશ પ્રેમવદન કાપડીયાને સરખે હીસ્સે તથા બાકીનો નીમે યાને અડધો હીસ્સો દમયંતિ ભુપેન્દ્ર કાપડીયા અને સંજય ભુપેન્દ્ર કાપડીયાને સરખે હીસ્સે માલીકી હકકે પ્રાપ્ત થયેલો. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૧૯/૫/૧૯૮૯ ના રોજ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૬ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની વોર્ડ નંબર ૨ સી.સ.નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતા વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની જમીન પદમાબેન બાબુલાલ બુરખાવાળાને માલીકી હકકે પ્રાપ્ત થયેલી. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૨૨/૭/૧૯૭૯ ના રોજ થયેલ છે. તેણીએ સદરહુ મીલકત નીચે જણાવેલ ઇસમોને તેની સામે જણાવેલ ભાગ પ્રમાણે તા. ૮/૧/૧૯૯૮ ના બક્ષીસ દસ્તાવેજની રૂએ બક્ષીસ આપેલી. જે બક્ષીસ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ

SRT/2/UDN
No 5049 - 9/27
2008

રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નંબર ૩૨૩ થી તા. ૧૬/૪/૧૯૯૮ થી નોંધાયેલ છે

		ભાગ
૧.	મુકુંદ પ્રેમવદન કાપડિયા	૧/૬
૨	નૈનેશ પ્રેમવદન કાપડિયા	૧/૬
૩	કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા	૧/૧૨
૪	મયંક સુરેન્દ્ર કાપડિયા	૧/૧૨
૫	સંજય ભુપેન્દ્ર કાપડિયા	૧/૪
૬	દમયંતિ ભુપેન્દ્ર કાપડિયા	૧/૪

જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૧૫/૬/૧૯૯૮ ના રોજ થયેલ છે.

REGISTRAR (UDHNA)

સીટી સર્વે નં. ૧૯૩૨/૭ વાળી મીલકત તથા આંતરિક રસ્તાની વોર્ડ નંબર ૨ સી.સ.નં. ૧૯૩૨/૩ વાળી જમીનમાં ફાળે પડતા વગર વહેંચાયેલ અવિભાજય હિસ્સાની જમીન હસમુખબેન ચંદુલાલ બંદરિયાને ગોપાળદાસ કાપડિયાના વારસદાર તરીકે પ્રાપ્ત થયેલી. તેણીએ તા. ૧૦/૯/૧૯૭૮ ના રોજ એક વીલ યાને વસીયતનામું કરેલું, તેણી તા. ૨૮/૧/૧૯૭૯ ના અરસામાં ગુજરી ગયેલા. તેણીના વિલની રૂએ સદરહુ મીલકત હીરાગૌરી ઉર્ફે સવિતબેન પ્રેમવદન, સુરેન્દ્ર પ્રેમવદન, મુકુંદ પ્રેમવદન, નૈનેશ પ્રેમવદન તથા દમયંતિ ભુપેન્દ્ર કાપડિયા અને સંજય ભુપેન્દ્ર કાપડિયાને માલીકી હકકે આપવાનું ફરમાન કરેલું અને તેણીના પુત્ર નરેશ અને પુત્રી ભાનુ અને ભારતીને એકઝીકયુટર્સ તરીકે નિયુકત કરેલા અને એકઝીકયુટર્સને અનુકુળતા જણાયે વહીવટ છોડી દઇ સદર ઇસમોને મીલકત માલીકી હકકે સોંપી દેવાનું ફરમાવેલું. સીટી સર્વે, સુરત રેકર્ડ ઉપર એકઝીકયુટર તરીકે નરેશ ચંદુલાલ અને ભાનુબેન અને ભારતીબેનના નામ દાખલ થયેલા. પરંતુ પાછળથી સદરહુ મીલકત વીલની રૂએના ઉપરોકત ઇસમોના નામે માલીક હકકે કરી આપવા માટે સદર એકઝીકયુટરોને જણાવતાં તેઓ તરફથી અસહકારનું વલણ જણાતાં વીલની રૂએના એક વારસ સંજય ભુપેન્દ્ર કાપડીયાએ સર્વે પક્ષકારોને સામેલ કરીને સુરતની સીવીલ કોર્ટમાં સ્પે. દિ. મુ નં. ૭૯/૯૭ નો દાવો નોંધાવેલો. તે દાવાના કામે તા. ૧૫/૪/૧૯૯૭ ના રોજ હુકમનામું થયેલું અને તેની રૂએ નીચે જણાવેલ ઇસમોનો તેની સામે જણાવેલ હીસ્સા પ્રમાણે માલીકી હકક મળતો હોવાનું કબુલ રાખવામાં આવેલું.

		હિસ્સો
૧.	હીરાગૌરી ઉર્ફે સવિતાબેન પ્રેમવદન કાપડિયા	૧/૮

SRT/2/UDN
№ 5049 - 10/27
2008

		હિસ્સો
૨	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા	૧/૮
૩	મુકુંદ સુરેન્દ્ર કાપડિયા	૧/૮
૪	નૈનેશ સુરેન્દ્ર કાપડિયા	૧/૮
૫	દમયંતિ ભુપેન્દ્ર કાપડિયા	૧/૪
૬	સંજય ભુપેન્દ્ર કાપડિયા	૧/૪

સીટી સર્વે, સુરત દફતરે તારીખ ૮/૫/૧૯૯૭ ની એન્ટ્રીથી ઉપરોકત નામો દાખલ થયેલા, અને એકઝીકયુટર્સના નામ કમી થયેલા.

હીરાગૌરી ઉર્ફે સવિતાબેન પ્રેમવદન કાપડિયા તા. ૬/૧૨/૧૯૯૭ ના રોજ ગુજરી ગયેલા, અને તેમના તારીખ ૬/૭/૧૯૯૭ ના રોજના વીલની રૂએ તેણીએ તેમની હયાતિમાં વેચાણ કર્યા બાદ બાકી રહેતી મીલકતનો તેમનો હીસ્સો તેમના ત્રણ દિકરા સુરેન્દ્ર, મુકુંદ અને નૈનેશને સરખે હિસ્સે પ્રાપ્ત થયેલો. વીલની રૂએ સીટી સર્વે, સુરત દફતરે તા. ૨૪/૬/૧૯૯૮ ની એન્ટ્રીથી વારસાઈ પણ થયેલી.

ઉપરોકત વોર્ડ નં.૨, સીટી સર્વે નં. ૧૯૩૨/૨-અ, ૧૯૩૨/૨-બ, ૧૯૩૨/૩, ૧૯૩૨/૪, ૧૯૩૨/૫, ૧૯૩૨/૬ અને ૧૯૩૨/૭ ની મીલકતના જે તે માલીકોએ તેઓના જેના તેના હીસ્સાની તમામ કુલ્લે મીલકતો નીચે સ્ટેટમેન્ટમાં જણાવેલ અલગ અલગ વ્યકિતઓને અલગ અલગ સમયે, અલગ અલગ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી નીચે સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબની વિગતે માલીકી હકકે, વેચાણ આપેલી અને આ તમામ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો મે. સુરતના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના નીચે સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબના અનુક્રમ નંબરોથી જે તે સમયે નોંધાયેલ છે અને વેચાણ રાખનાર જે તે વ્યકિત, જે તે હિસ્સાની મીલકતના માલીક, કબજેદાર, હકકદાર બનેલા. તેમજ આ તમામ દસ્તાવેજોની ફેરફાર નોંધ જે તે સમયે સીટી સર્વે, સુરત દફતરે પણ થયેલ છે, અને વેચાણ રાખનારના નામ સીટી સર્વે દફતરે દાખલ થયેલ છે.

સીટી સર્વે નં. ૧૯૩૨/૨-અ થી ૧૯૩૨/૭ ની મીલકતના વેચાણ દસ્તાવેજોની વિગતનું સ્ટેટમેન્ટ

સીટી સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.	વેચાણ આપનાર	વેચાણ રાખનાર	દસ્તાવેજ સહી કર્યાની તારીખ	દસ્તાવેજનો અનુ. નંબર અને નોંધણી તારીખ
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	નૈનેશ પી. કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઈ	૧૩/૧૨/૯૬	૧૫૧૨૮ ૧૩/૧૨/૧૯૯૬
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	રશ્મી એસ. કાપડિયા	રીટા મુકુલ દેસાઈ	૧૩/૧૨/૯૬	૧૫૧૨૯ ૧૩/૧૨/૧૯૯૬

SRT/2/UDN
No 5049 - 11/22
2008

સીટી સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.	વેચાણ આપનાર	વેચાણ રાખનાર	દસ્તાવેજ સહી કર્યાની તારીખ	દસ્તાવેજનો અનુ. નંબર અને નોંધણી તારીખ
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	ચંદ્રા એમ. કાપડિયા	બાબુલાલ જે. સુરાના	૧૩/૧૨/૯૬	૧૫૧૩૦ ૧૩/૧૨/૧૯૯૬
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	મીના સંજય કાપડિયા	લલિતાબેન અંબેલાલ દેસાઇ	૧૩/૧૨/૯૬	૧૫૧૩૧ ૧૩/૧૨/૧૯૯૬
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	મીના સંજય કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૧૩/૧૨/૯૬	૧૫૧૩૨ ૧૩/૧૨/૧૯૯૬
૧૯૩૨/૨/અ ૧૯૩૨/૩	૧૨૦.૦૧૦૪ ૧૧.૬૦૬૩	મીના સંજય કાપડિયા	વીમળાબેન નાનુભાઇ દેસાઇ	૧૩/૧૨/૯૬	૧૫૧૩૩ ૧૩/૧૨/૧૯૯૬
૧૯૩૨/૨/બ ૧૯૩૨/૩	૧૨૦.૦૦૫૩ ૧૧.૬૦૬૨	ઉમાબેન નૈનેશ કાપડિયા રશ્મિ એસ. કાપડિયા ચંદ્રા મુકુંદ કાપડિયા	લલિતાબેન અંબેલાલ દેસાઇ વીમળાબેન નાનુભાઇ દેસાઇ બાબુલાલ જસકરણ સુરાના	૧૬/૫/૨૦૦૧	૨૭૫૦ ૩/૯/૨૦૦૧
૧૯૩૨/૨/બ ૧૯૩૨/૩	૮૦.૦૦૩૬ ૭.૭૩૭૬	રશ્મિ એસ. કાપડિયા ચંદ્રા મુકુંદ કાપડિયા ઉમા નૈનેશ કાપડિયા	લલિતાબેન અંબેલાલ દેસાઇ વીમળાબેન નાનુભાઇ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૭૮ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૨/બ ૧૯૩૨/૩	૮૦.૦૦૩૬ ૭.૭૩૭૬	રશ્મિ એસ. કાપડિયા ચંદ્રા મુકુંદ કાપડિયા ઉમા નૈનેશ કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૭૧ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૨/બ ૧૯૩૨/૩	૮૦.૦૦૩૬ ૭.૭૩૭૫	રશ્મિ એસ. કાપડિયા ચંદ્રા મુકુંદ કાપડિયા ઉમા નૈનેશ કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચ.યુ.એફ.)	૮/૯/૨૦૦૪	૮૫૮૧ ૨૦/૭/૨૦૦૫
૧૯૩[illegible] ૧૯૩૨/[illegible]	૧૨૦.૦૦૫૪ ૧૧.૬૦૬૩	સંજય ભુપેન્દ્ર કાપડિયા	લલિતાબેન અંબેલાલ દેસાઇ વીમળાબેન નાનુભાઇ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૫૬ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/[illegible] [illegible]	૧૨૦.૦૦૫૪ ૧૧.૬૦૬૩	સંજય ભુપેન્દ્ર કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૫૮ ૨૦/૭/૨૦૦૫
[illegible]/૨/બ ૧૯૩૨/૩	૧૨૦.૦૦૫૪ ૧૧.૬૦૬૩	સંજય ભુપેન્દ્ર કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચ.યુ.એફ.)	૮/૯/૨૦૦૪	૮૫૫૯ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૪ ૧૯૩૨/૩	૩૨૭.૯૪૮૭ ૧૩૯.૨૭૫૨	પ્રેમવદન જી. કાપડિયા પોતે તથા પોતના એકત્ર હિંદુ કુટુંબના વડીલ કર્તા પુરૂષ તરીકે તથા સંજય બી. કાપડિયા પોતે તથા પોતના એકત્ર હિંદુ કુટુંબના વડીલ કર્તા પુરૂષ તરીકે	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ (એચ.યુ.એફ) મુકુલ નાનુભાઇ દેસાઇ	૧૫/૧૦/૯૮	૧૫૫૫૮ ૧૫/૧૦/૯૮
૧૯૩૨/૪ ૧૯૩૨/૩	૩૨૭.૯૪૮૭ ૧૩૯.૨૭૫૨	એજન	બાબુલાલ જસકરણ સુરાના	૧૫/૧૦/૯૮	૧૫૫૫૯ ૧૫/૧૦/૯૮
૧૯૩૨/૪ ૧૯૩૨/૩	૩૨૭.૯૪૮૭ ૧૩૯.૨૭૫૨	એજન	સુનિતા સંજય સુરાના	૧૫/૧૦/૯૮	૧૫૫૬૦ ૧૫/૧૦/૯૮
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૧૩૧.૯૨૨૭ ૧૧.૬૦૬૨	સુરેન્દ્ર પી. કાપડિયા, મુકુન્દ પી. કાપડિયા નૈનેશ પી. કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઇ રીટા મુકુલ દેસાઇ બાબુલાલ જે. સુરાના	૧૬/૫/૨૦૦૧	૨૭૫૧ ૩/૯/૨૦૦૧
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૮૭.૦૬૯૦ ૭.૬૬૦૨	સુરેન્દ્ર પી. કાપડિયા, મુકુન્દ પી. કાપડિયા નૈનેશ પી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૭૫ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૮૯.૭૦૭૫ ૭.૮૯૨૩	શુરેન્દ્ર પી. કાપડિયા, મુકુન્દ પી. કાપડિયા નૈનેશ પી. કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઇ રીટા મુકુલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૭૪ ૨૦/૭/૨૦૦૫

SRT/2/UDN
No 5049 12/27
2008

સીટી સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.	વેચાણ આપનાર	વેચાણ રાખનાર	દસ્તાવેજ સહી કર્યાની તારીખ	દસ્તાવેજનો અનુ. નંબર અને નોંધણી તારીખ
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૮૭.૦૬૯૦ ૭.૬૬૦૨	સુરેન્દ્ર પી. કાપડિયા, મુકુન્દ પી. કાપડિયા નૈનેશ પી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચયુએફ)	૮/૯/૨૦૦૪	૮૫૮૨ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૬૭.૨૩૦૬ ૫.૯૧૯૨	દમયંતિબેન બી. કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઇ રીટા મુકુલ દેસાઇ	૮/૯/૨.૦૦૪	૮૫૬૪ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૧૩૦.૬૫૩૫ ૧૧.૪૯૦૨	દમયંતિબેન બી. કાપડિયા	બાબુલાલ જે. સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૭૩ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૧૩૦.૬૫૩૫ ૧૧.૪૯૦૨	સંજય બી. કાપડિયા	બાબુલાલ જે. સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૭૨ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૫ ૧૯૩૨/૩	૬૭.૨૩૦૬ ૫.૯૧૯૨	સંજય ભુપેન્દ્ર કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઇ રીટા મુકુલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૫ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૫૫.૨૮૭૮ ૩.૮૬૮૭	કૌટિલ્ય એસ. કાપડિયા મયંક એસ. કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ મુકુલ નાનુભાઇ દેસાઇ બાબુલાલ જે. સુરાના	૧૫/૫/૨૦૦૧	૨૭૨૮ ૩/૯/૨૦૦૧
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૫૫.૨૮૭૮ ૩.૮૬૮૭	મુકુંદ પી. કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ મુકુલ નાનુભાઇ દેસાઇ બાબુલાલ જે. સુરાના	૧૬/૫/૨૦૦૧	૨૭૫૨ ૩/૯/૨૦૦૧
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૫૫.૨૮૭૮ ૩.૮૬૮૭	નૈનેશ પી. કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ મુકુલ નાનુભાઇ દેસાઇ બાબુલાલ જે. સુરાના	૧૬/૫/૨૦૦૧	૨૭૫૩ ૩/૯/૨૦૦૧
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૫૫.૨૮૭૨ ૩.૮૬૮૮	મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા મયંક સુરેન્દ્ર કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૮૭ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૫૫.૨૮૭૨ ૩.૮૬૮૮	મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા મયંક સુરેન્દ્ર કાપડિયા	અંકિત મુકુલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૭૦ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૭૩.૭૧૭૧ ૫.૧૫૮૪	મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા મયંક સુરેન્દ્ર કાપડિયા	સુનિતા સંજય સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૪ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૭૩.૭૧૭૧ ૫.૧૫૮૪	મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા મયંક સુરેન્દ્ર કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૩ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૭૩.૭૧૭૦ ૫.૧૫૮૩	મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા કૌટિલ્ય સુરેન્દ્ર કાપડિયા મયંક સુરેન્દ્ર કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચ.યુ.એફ.)	૮/૯/૨૦૦૪	૮૫૭૯ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૪.૫૯૦૩ ૫.૯૧૯૨	સંજય ભુપેન્દ્ર કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૦ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૪.૫૯૦૩ ૫.૯૧૯૨	દમયંતિ ભુપેન્દ્ર કાપડિયા	અંકિત મુકુલ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૬ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૨.૧૦૨૪ ૫.૭૪૫૧	સંજય ભુપેન્દ્ર કાપડિયા	સુનિતા સંજય સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૫૭ ૨૦/૭/૨૦૦૫

SRT/2/UDN
№ 5049 13/27
2008

સીટી સર્વે નંબર	ક્ષેત્રફળ ચો.મી.	વેચાણ આપનાર	વેચાણ રાખનાર	દસ્તાવેજ સહી કર્યાની તારીખ	દસ્તાવેજનો અનુ. નંબર અને નોંધણી તારીખ
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૨.૧૦૨૪ ૫.૭૪૫૧	સંજય ભુપેન્દ્ર કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૦ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૨.૧૦૨૪ ૫.૭૪૫૧	દમયંતિબેન બી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૬૨ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૬ ૧૯૩૨/૩	૮૨.૧૦૨૪ ૫.૭૪૫૧	દમયંતિબેન બી. કાપડિયા	સુનિતા સંજય સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૬૩ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૨૫૦.૬૭૧૮ ૨૦.૮૮૯૧	સવિતાબેન પી. કાપડિયા સુરેન્દ્ર પી. કાપડિયા મુકુન્દ પી. કાપડિયા નૈનેશ પી. કાપડિયા દમયંતિ બી. કાપડિયા સંજય બી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૧૩/૧૦/૯૭	૧૪૫૧૧ ૧૭/૧૧/૧૯૯૭
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૧ ૫.૩૬૨૪	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૬ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૧ ૫.૩૬૨૪	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા	સુનિતા સંજય સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૫ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૪૯.૭૧૬૬ ૪.૧૪૩૬	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા	મહેન્દ્ર અંબેલાલ દેસાઇ (એચયુએફ)	૮/૯/૨૦૦૪	૮૫૬૮ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૪૯.૭૧૬૬ ૪.૧૪૩૬	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા	નાનુભાઇ ખંડુભાઇ દેસાઇ (એચયુએફ)ના કર્તા મુકુલ નાનુભાઇ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૯ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૦ ૫.૩૬૨૩	સુરેન્દ્ર પ્રેમવદન કાપડિયા મુકુંદ પ્રેમવદન કાપડિયા નૈનેશ પ્રેમવદન કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચયુએફ)	૮/૯/૨૦૦૪	૮૫૭૭ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૪૯.૭૧૬૬ ૪.૧૪૩૬	સંજય ભુપેન્દ્ર કાપડિયા દમયંતિબેન બી. કાપડિયા	મનિષ મહેન્દ્ર દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૧ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૪૯.૭૧૬૬ ૪.૧૪૩૬	સંજય ભુપેન્દ્ર કાપડિયા દમયંતિબેન બી. કાપડિયા	નાનુભાઇ ખંડુભાઇ દેસાઇ (એચયુએફ)ના કર્તા મુકુલ નાનુભાઇ દેસાઇ	૮/૯/૨૦૦૪	૮૫૬૭ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૧ ૫.૩૬૨૪	સંજય ભુપેન્દ્ર કાપડિયા દમયંતિબેન બી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૭૬ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૧ ૫.૩૬૨૪	સંજય ભુપેન્દ્ર કાપડિયા દમયંતિબેન બી. કાપડિયા	સુનિતા સંજય સુરાના	૮/૯/૨૦૦૪	૮૫૮૯ ૨૦/૭/૨૦૦૫
૧૯૩૨/૭ ૧૯૩૨/૩	૬૪.૩૩૯૦ ૫.૩૬૨૩	સંજય ભુપેન્દ્ર કાપડિયા દમયંતિબેન બી. કાપડિયા	બાબુલાલ જસકરણ સુરાના (એચ.યુ.એફ.)	૮/૯/૨૦૦૪	૮૫૮૮ ૨૦/૭/૨૦૦૫

આમ ઉપરની વિગતે વોર્ડ નં. ૨, સી. સ. નં. ૧૯૩૨/૨-અ થી ૧૯૩૨/૭ ની કુલ્લે ૫૫૩૩.૬૯.૪૨ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી મીલકતના ઉપર જણાવેલ જે તે ખરીદનાર વેચાણ રાખનાર ઇસમો માલીક મુખત્યાર કબજેદાર, હકકદાર બનેલા, અને તેની હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા કરવાને હકકદાર બનેલા.

SRT/2/UDN
No 5049 - 16/27
2008

ત્યારબાદ, ઉપરોકત તમામ ખરીદનાર ઈસમોએ ભેગા મળી તા. ૧૧/૯/૨૦૦૪ ના રોજના ભાગીદારી દસ્તાવેજથી ભાગીદાર તરીકે જોડાઇ ''મે. જય અંબે કોર્પોરેશન'' નામની ભાગીદારી પેઢીની શરૂઆત કરેલી અને તા. ૧૧/૧/૨૦૦૫ ના રોજના ભાગીદારીના પૂરક દસ્તાવેજથી ઉપરોકત તમામ મીલકત સદર ભાગીદારી પેઢીને સ્ટોક ઈન ટ્રેડ તરીકે મુંડી તરીકે તા.૧૫/૧૦/૨૦૦૪ ના રોજથી સોંપેલી, અને ત્યારથી સદરહુ કુલ્લે મીલકતો ઇન્ડીયન પાર્ટનરશીપ એકટની કલમ ૧૪ ની જોગવાઈઓને આધીન સદર પેઢીની અને તેના ભાગીદારોની થયેલી. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તા. ૨૮/૧૦/૨૦૦૫ ના રોજ થયેલ છે. સદરહુ ભાગીદારી પેઢી ઇન્ડીયન પાર્ટનરશીપ એકટની જોગવાઇ અનુસાર રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ સુરત દફતરે નોંધાયેલ છે.

ઉપરોકત તમામ મીલકતો સુરત સીટી સર્વે રેકર્ડે એક જ સત્તા પ્રકાર 'એ' થી ચાલતી હોવાથી તથા આ તમામ મીલકતો એકબીજાની લાગુમાં આવેલ હોવાથી તેમજ એકજ માલીકીની બનેલ હોવાથી ઉપરોકત તમામ મીલકતોને સીટી સર્વે, સુરત દફતરે એકત્ર કરવાને કરેલ અરજી આધારે મે. સીટી સર્વે સુપ્રીન્ટેન્ડન્ટ, સુરત નં. ૨ એ તેમના હુકમ નં. સીટીએસ/ વશી-૧૯૨/ ૨૦૦૫ તા. ૪/૧/૨૦૦૬ ના હુકમથી એકત્ર કરવામાં આવેલી, અને તે આધારે સી.સ.નં. ૧૯૩૨/૨-બ, ૧૯૩૨/૩, ૧૯૩૨/૪, ૧૯૩૨/૫, ૧૯૩૨/૬ અને ૧૯૩૨/૭ ની મીલકતોને સી.સ.નં. **૧૯૩૨/૨-અ** માં એકત્ર કરવામાં આવેલ, અને જે અનુસાર સી.સ.નં. ૧૯૩૨/૨-અ નું ક્ષેત્રફળ ૫૫૩૩.૬૯.૪૨ સ.ચો.મી. થયેલ, અને બાકીના સીટી સર્વે નંબરોનું ક્ષેત્રફળ અને પ્રોપ્રર્ટી કાર્ડ રદ કરવામાં આવેલા. જે અંગેની નોંધ સીટી સર્વે, સુરત દફતરે તા. ૨૮.૧૦.૨૦૦૫/૪.૧.૨૦૦૬ થી થયેલ છે, અને જે તા. ૧૮/૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત થયેલ છે.

સદર સીટી સર્વે નંબરવાળી જગ્યા પર સદર મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીએ નવું આર. સી. સી. નું બહુમાળી કોમર્શીયલ બિલ્ડીંગનું બાંધકામ ભાગીદારી પેઢીના ફંડમાંથી બનાવેલ, અને તે બીલ્ડીંગનું નામ 'ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર' રાખવામાં આવેલ છે. જે પૈકી નીચેની વિગતની મીલકત અમો બીજા પક્ષનાએ સદર પેઢી કનેથી તા. ૧૩/૧૨/૨૦૦૬ ના રોજ વેચાણ રાખેલી. જેનો વેચાણ દસ્તાવેજ સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નંબર ૧૭૫૮૬ થી તા. ૧૪/૧૨/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે. ત્યારથી તમોને વેચાણ આપેલ સદરહુ મીલકતના અમો બીજા પક્ષના સ્વતંત્ર અને સંપુર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર, હકકદાર બનેલા અને ચાલી આવેલા, અને અમો બીજા પક્ષનાના હકક અને અધિકારની રૂએ નીચે જણાવેલ વિગતની મીલકત અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.

SRT/2/UDN
No 5049 - 15/27
2008

સદરહુ બિલ્ડીંગના બાંધકામનો રીવાઇઝડ પ્લાન સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ છે, અને સદર પ્લાનમાં બાંધકામને સૌથી નીચેથી ગણતાં ક્રમાનુસાર બેઝમેન્ટ ફલોર પ્લાન (Excess Parking LVL -4.56 MT), ગ્રાઉન્ડ ફલોર પાર્કિંગ (-0.90 MT. LVL), હાયર ગ્રાઉન્ડ ફલોર (LVL +1.68 MT), ટીપીકલ ફલોર પ્લાન (પહેલા માળથી આઠ માળ) અને ટેરેસ ફલોર પ્લાનથી દર્શાવેલ છે.

જયારે સદર બાંધકામને સ્થળ ઉપર ખાનગી રાહે સૌથી નીચેથી ગણતાં ક્રમાનુસાર બેઝમેન્ટ ફલોર (વધારાનું પાર્કિંગ), લોઅર બેઝમેન્ટ ફલોર (રાસુકુ પાર્કિંગ), ગ્રાઉન્ડ ફલોર, હાયર ગ્રાઉન્ડ ફલોર તથા ત્યારબાદ તેની ઉપર ટીપીકલ પહેલા માળથી સાત માળ અને તેની ઉપર અગાસી (ટેરેસ) થી દર્શાવેલ છે. તેમજ અગાસીમાં લીફટ કેબીન, પાણીની ટાંકી વગેરે આવેલ છે. આ આખું બિલ્ડીંગ વાસ્તવમાં એક જ છે. પરંતુ સરળતા અને સગવડતા ખાતર ખાનગી રાહે તેના ચાર ભાગ દક્ષિણ તરફથી ઉત્તર તરફ ગણતાં 'એ' વિંગ, 'બી' વિંગ, 'સી' વિંગ તથા 'ડી' વિંગ ફકત ઓળખ માટે આપેલ છે, અને આ દસ્તાવેજમાં આ ખાનગી રાહે દર્શાવેલ ક્રમાનુસારવાળી મિલકત પૈકીની નીચેની વિગતની મીલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે.

સદર આખી બિલ્ડીંગ પૈકી સૌથી નીચે આવેલ આખા બેઝમેન્ટ ફલોર (વધારાના પાર્કિંગ)વાળી જગ્યા તેમજ છેલ્લા યાને સાતમા માળ ઉપરની સઘળી તમામ અગાસી (ટેરેસ) ની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજો, ભોગવટો, વહીવટ તેમજ તમામ હકકો સદર મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીના એકલાના અબાધિત છે અને તેની વેચાણ, ગીરો, બક્ષીસ યા અન્ય રીતે તેઓની મરજી મુજબની હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા કરવા તેમજ ભાડે યા લાયસન્સથી આપવા વિગેરે તમામ રીતે પ્રકારે સદર પેઢી એકલી હકકદાર છે. સદર સૌથી નીચે આવેલ વધારાના પાર્કિંગવાળા બેઝમેન્ટવાળા ભાગમાં તેમજ અગાસીમાં તમો પહેલા પક્ષના વેચાણ રાખનારને કોઇ જ હકક આપવામાં આવેલ નથી તેમજ તમો પહેલા પક્ષનાએ તે ભાગમાં કોઇ હકક કરવા-કરાવવાનો નથી અને છતાં કરો કરાવો તો તે આથી રદબાતલ અને નિરર્થક થાય અને ગણાય સહી. એવી સ્પષ્ટ શરતથી નીચેં જણાવેલ મીલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે.

મજકુર વેચાણ અવેજના બદલામાં નીચેની વિગતની મિલકત કે જેને હવે પછી આ દસ્તાવેજમાં ''સદરહુ મિલકત'' તરીકે ઉલ્લેખવામાં આવેલ છે, તે તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજથી હરહંમેશ કાયમને માટે વેચાણ આપી તેના તમો પહેલા પક્ષનાને આ દસ્તાવેજમાં દર્શાવેલી શરતોને આધીન તેમજ અમો બીજા પક્ષનાની ખરીદીના દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન સ્વતંત્ર અને સંપુર્ણ માલિક, કબજેદાર, હક્કદાર બનાવ્યા છે સહી અને હવે સદરહુ વેચાણ આપેલ મિલકતમાં અમો બીજા

SRT/2/UDN
No 5049- 16/22
2008

પક્ષનાનો કશા પ્રકારનો હક્ક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો રહ્યો નથી કે રાખ્યો નથી અને તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ વેચાણ આપેલ મિલકતનો તમો પહેલા પક્ષના નીચે દર્શાવેલ શરતોને આધીન તેમજ અમો બીજા પક્ષનાની ખરીદીના દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન ઉપયોગ, ઉપભોગ તથા વહીવટ, વ્યવસ્થા કરવા હક્કદાર છો સહી. તેમાં અમો બીજા પક્ષનાની કશા પ્રકારની તરતકરાર ચાલે નહીં અને કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

તમોને વેચાણ આપેલ નીચેની વિગતની મિલકત સિવાય ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગની અન્ય કોઇ મિલકત કે ભાગ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ નથી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ મિલકતનો શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજો અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સુપ્રત કરેલ છે અને તેનો કબજો તમો પહેલા પક્ષનાએ સંભાળી લીધેલ છે. તેમજ વેચાણ આપેલ મિલકતનું ક્ષેત્રફળ, બાંધકામ, રાસુકી સગવડો, સાધનો, ભાગો વગેરે તમામ તમો પહેલા પક્ષનાએ જોઇ તપાસી લીધા છે અને એ અંગે પહેલા પક્ષનાએ ભવિષ્યમાં કોઇ તરતકરાર કરવાની નથી અને છતાં કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય અને ગણાય સહી.

REGISTRAR

આથી અમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને ખાત્રી અને વિશ્વાસ આપીએ છીએ કે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત કે જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે તે મિલકત અમો બીજા પક્ષનાએ કોઇને વેચાણ, ગીરો કે બક્ષિસ આપી નથી કે સદરહુ મિલકત કોઇ રીતે ટ્રાન્સફર કે એસાઇન કરી કરાવી નથી કે તેની કોઇ વ્યવસ્થા કરી કરાવી નથી. સદરહુ મિલકત અન્ય કોઇને મૌખિક કે લેખિત કરારથી વેચાણ કરવાનું નક્કી કરેલ નથી. સદરહુ મિલકત ઉપર કોઇ કોર્ટની ટાંચ, અવલજપ્તી કે મનાઇ નથી કે સદરહુ મિલકત અંગે કોઇનો કોઇપણ પ્રકારનો ખોરાકી, પોષાકી, રહેઠાણનો કે અન્ય કોઇ પ્રકારનો દરદાવો નથી. સદરહુ મિલકત અંગે કોઇ ટ્રસ્ટ કરવામાં આવેલ નથી કે સદરહુ મિલકત કોઇની જામીનગીરીમાં લખી આપેલ નથી. તેના ઉપર ઇક્વીટેબલ મોરગેજનો બોજો કે ચાર્જ ઉત્પન્ન કર્યો નથી. સદરહુ મિલકત એક્વીઝીશન, રેક્વીઝીશન કે રીઝર્વેશનમાં નથી કે કોર્ટ કચેરીના પ્રકરણમાં સંડોવાયેલી નથી. તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ મિલકત નકરજી, ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી છે. સદરહુ મિલકતમાં અમો બીજા પક્ષના સિવાય અન્ય કોઇનો કશા પ્રકારનો હક્ક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે કબજો નથી. તેમ છતાં સદરહુ મિલકતના અમો બીજા પક્ષનાના ટાઇટલ અંગે કોઇ તરતકરાર કરતા આવે તો તે તમામનો હમો બીજા પક્ષના તથા હમારા વંશવાલી વારસોએ જવાબ આપી સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત ચોખ્ખે ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી બનાવી આપવી સહી. એટલું જ નહીં પણ તેવા કોઇ ઇસમના દરદાવાથી

SRT/2/UDN

5049 17/27

2008

તમો પહેલા પક્ષનાને જે કાંઇ નુકશાન થાય કે અવેજ જોખમાય તો તે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને ભરપાઇ કરી આપવો સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત તમો પહેલા પક્ષનાને નીચે જણાવેલ શરતોને આધીન વેચાણ આપી છે અને તે શરતો તમો પહેલા પક્ષનાને તથા તમો પહેલા પક્ષનાના સકસેસર, ટ્રાન્સફરી, એસાઇની, લાયસન્સી, કબજેદાર, ધારણ કરનાર ઇત્યાદી તમામને બંધનકર્તા રહેશે અને તે વિરૂધ્ધ ભવિષ્યમાં તમો પહેલા પક્ષના તથા તમો પહેલા પક્ષનાના સકસેસર, ટ્રાન્સફરી, એસાઇની, લાયસન્સી, કબજેદાર, ધારણ કરનાર ઇત્યાદી તમામ કોઇપણ પ્રકારની તરતકરાર કરવા હકકદાર રહેશે નહી. તેમ છતાં જો પહેલા પક્ષના તરફે કોઇ તરતકરાર કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી. સદરહુ શરતોનો અમલ કરાવવા, પાલન કરાવવા ''ઇન્ટરનેશન ટ્રેડ સેન્ટર'' ના અન્ય ભાગો, જે વ્યક્તિ, બોડી, કોર્પોરેટ પેઢીએ ખરીદેલ હોય તેઓ પણ તમો પહેલા પક્ષના તથા તમારા ટ્રાન્સફરી, એસાઇની, કબજેદાર, ધારણ કરનાર ઇત્યાદી વિરૂધ્ધ અમલ કરવા-કરાવવા હક્કદાર છે તથા રહેશે સહી.

શ ર તો

(૧) તમોને વેચાણ આપેલ મીલકત જે બિલ્ડીંગમાં આવેલ છે તે બિલ્ડીંગનું નામ **'ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર'** રાખવામાં આવેલું છે અને તે કાયમ ચાલુ રાખવાનું છે અને તે નામ બદલવાનો તમો પહેલા પક્ષનાને કોઇ હક્ક અધિકાર રહેશે નહીં.

(૨) તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત સિવાય અન્ય કોઇ ભાગ પર કે રાસુકી કોમન જગ્યા કે ભાગમાં તમો પહેલા પક્ષનાએ કે કબજેદારે, ધારણ કરનારે કોઇ બોર્ડ, હોર્ડીંગ, નેઇમ પ્લેટ વગેરે મુકવાના કે લગાવવાના નથી કે લટકાવવાના કે ચીતરાવવાના નથી.

(૩) સદર **'ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર'** બિલ્ડીંગમાં કેટલીક રાસુકી સવલતો, સગવડો, સાધનો જેમકે દાદરો, પેસેજો, લીફ્ટો, બોરીંગ, અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેંક, જનરેટર, પેસેજોમાં પુર્વ તરફના ભાગે આવેલ યુરીનલ-ટોઇલેટ, લોઅર બેઝમેન્ટ ફલોરમાં આવેલ પાર્કિંગ, પાણીની લાઇનો, ડ્રેનેજની લાઇનો, ગટરો વગેરે આવેલ છે અને તે રાસુકી સવલતો, સગવડો, સાધનો સદર આખી બિલ્ડીંગમાં આવેલ દુકાનો ઓફિસોના માલિકો, કબજેદારો, વપરાશ કરનારની સામુહિક વપરાશની રાસૂકી છે, અને આ રાસુકી સવલતો, સગવડો, સાધનોના નિભાવ, સફાઇ, રંગકામ, દુરસ્તી, રીપ્લેસમેન્ટ, જાળવણી, રીપેરીંગ વગેરે માટે તેમજ તે અંગેના તથા અન્ય ખર્ચના માટે તેમજ વહીવટ, વ્યવસ્થા કરવા માટે

ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર કો. ઓ. સર્વિસ સોસાયટી લિ. (નોંધણી ક્રમાંક : સા.-૫૪૪૩, તા. ૧૮.૫.૨૦૦૭) ની રચના થયેલ છે અને તે સોસાયટીમાં તમો પહેલા પક્ષના વેચાણ રાખનારે ફરજીયાત સભ્ય થવાનું છે અને તેના રુલ્સ, રેગ્યુલેશન, નીતિ નિયમો વગેરેનું પાલન કરવાનું છે અને તમો પહેલા પક્ષનાએ વેચાણ રાખેલ મીલકતનો મેઈન્ટેનન્સ ખર્ચ નિયમીત રીતે કોઈપણ જાતની કસુર કર્યા વિના ચુકવવાનો છે. તમો પહેલા પક્ષના વેચાણ રાખેલ મીલકતનો ઉપયોગ-વપરાશ કરો યા નહીં કરો તો પણ તમો પહેલા પક્ષનાએ મેઈન્ટેનન્સની ફાળે પડતી રકમ નિયમીત ચુકવવાની છે.

(૪) તમો પહેલા પક્ષનાએ ભવિષ્યમાં મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીને તેમજ સદર સર્વિસ સોસાયટીના કબજેદારો, કારીગરો, મજુરો વગેરેને મિલકતમાં જે પાણી, ડ્રેનેજ, ટેલીફોન, ઈલેકટ્રીક ઈત્યાદી લાઈનો કે બીજી જે કાંઈ લાઈનો હોય કે ભવિષ્યમાં નવી લાઈનો નાંખવા માટે હાલની ઉપર જણાવેલ કે નવી જે લાઈનો નંખાય તેના રીપેર, રીપ્લેસમેન્ટ, ચકાસણી વગેરે માટે કે તે પૈકીની કોઈપણ લાઈનો જરૂર પડે હંગામી કે કાયમી ધોરણે બંધ કરવા માટે કે આખી બિલ્ડીંગના રંગકામ માટે યા અન્ય કામ માટે પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ મિલકતમાં દાખલ થવા દેવાના રહેશે અને તે માટે તમો પહેલા પક્ષનાએ તથા કબજેદારે, વપરાશદારે જરૂરી સાથ, સહકાર આપવાનો રહેશે અને તે પ્રમાણે કાયમી કે હંગામી ધોરણે જે સર્વિસ બંધ કરવામાં આવે તે માટે તમો પહેલા પક્ષના કે કબજેદાર, વપરાશદાર કોઈ નુકશાની માંગવા હક્કદાર રહેશે નહીં.

THE SUB REGISTRAR (UDHNA)

(૫) તમોને વેચાણ આપેલ મિલકતનો ઉપયોગ તમો પહેલા પક્ષના કે તમો પહેલા પક્ષનાના લાયસન્સીએ, કબજેદારે, ધારણ કરનારે, વપરાશકારે ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગની મિલકતના અન્ય ઓક્યુપાયરો, માલિકો તેમના લાયસન્સી કે **"ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર"** ના અડોશી પડોશીઓને ત્રાસરૂપ કે ન્યુસન્સરૂપ ન થાય તે પ્રમાણે કરવા કરાવવાનો રહેશે. તેમજ તમો પહેલા પક્ષનાએ કે તમો પહેલા પક્ષનાના લાયસન્સી, કબજેદારે, ધારણ કરનારે તમોને વેચાણ આપેલ મિલકતમાં ગેરકાયદેસરની કે અનૈતિક પ્રવૃત્તિ કરવા કરાવવાની નથી. તેમજ સદરહુ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરની આખી બિલ્ડીંગમાં જે કોમન પેસેજ, જવા આવવાના માર્ગ, દાદરો, પાર્કીંગ વગેરે કોમન વપરાશના ભાગમાં કોઈ માલસામાન મુકવા મુકાવવાનો નથી કે અન્યને અડચણ થાય તેવી પ્રવૃત્તિ કરવા-કરાવવાની નથી.

(૬) તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતનો કોઈ વસ્તુના ઉત્પાદન માટે કે પ્રિન્ટીંગ પ્રેસ કે વર્કશોપ માટે કે ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગના અન્ય માલિકો, ઓક્યુપાયર્સને અવાજ, હવા, ઈત્યાદીનું પોલ્યુશન થાય તેવા હેતુ માટે વાપરવાની નથી કે સદર બિલ્ડીંગના અન્ય કબજેદારો, માલિકો કે તેમના લાયસન્સીઓને નુકશાન થાય

SRT/2/UDN
No 5049 - 19/22
2008

તેવા કોઇ કાર્યો કરવા-કરાવવાના નથી કે તેવા કાર્યો માટે તેનો ઉપયોગ કરવા-કરાવવાનો નથી.

(૭) તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતની સીલીંગ, ફલોરીંગ તેમજ બીમ, કોલમ, સ્લેબ તેમજ દિવાલો વગેરે જે હોય તેમાં તમો પહેલા પક્ષનાએ ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગની બાકીની મિલકતને કે તેના ભાગને નુકશાન થાય તે પ્રમાણે ફેરફાર કે સુધારા વધારા કરવા કરાવવાના નથી કે સદર બિલ્ડીંગના બાહ્ય દર્શનમાં કે બાહ્ય કલરમાં ફેરફાર થાય તે પ્રમાણે ફેરફાર કે સુધારા વધારા તમો પહેલા પક્ષનાએ કરવા-કરાવવાના નથી, તેમજ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતની જે રાસુકી દિવાલ હોય તેને કોઇ નુકશાન, તોડફોડ વગેરે કરવા કરાવવાના નથી.

(૮) તમો પહેલા પક્ષના વેચાણ લેનારે કે તમો પહેલા પક્ષનાના કબજેદાર-લાયસન્સીએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત સિવાયની ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગ ની બાકીની મીલકતમાં કે તેના કોઇ ભાગમાં કચરો, રબીસ, મટીરીયલ્સ કે અન્ય ચીજવસ્તુઓ ફેંકવાની કે મુકવાની કે ગોઠવવાની નથી અને સદરહુ ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગવાળી આખી મિલકત સ્વચ્છ અને સુઘડ રહે તે પ્રમાણે તમોને વેચાણ આપેલ મિલકતનો વપરાશ કરવાનો રહેશે.

(૯) તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ મિલકતની પુરી બજાર કિંમતનો સદર સર્વિસ સોસાયટી સાથે જોઇન્ટ નામમાં આગ, ધરતીકંપ વગેરે અંગે વિમો વખતોવખત ઇન્સ્યુરન્સ કંપનીમાં ઉતરાવવાનો રહેશે તેમજ તેને વખતોવખત રીન્યુ કરાવવાનો રહેશે અને તે અંગેનો પુરાવો ઉપર જણાવ્યા પ્રમાણે સર્વિસ સોસાયટી સમક્ષ રજુ કરવાનો રહેશે અને મિલકતને આગ કે ધરતીકંપ વગેરેથી નુકશાન થાય કે આખી મિલકત કે તેનો કોઇ ભાગ તુટી જાય તો વિમાની જે રકમ આવે તે મિલકતના રીપેર, રીઇન્ટરેસ્ટમેન્ટ યાને તેની મુળ સ્થિતિમાં લાવવા માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે

(૧૦) તમોને વેચાણ આપેલ મીલકત અંગેનો આખી બિલ્ડીંગની તળની જમીનમાંનો જે વગર વહેંચાયેલ અવિભાજ્ય ફાળે પડતો હિસ્સો તમોને વેચાણ આપેલ છે તે જમીનમાંનો વગર વહેંચાયેલો અવિભાજ્ય ફાળે પડતો હિસ્સો તમો છુટો પાડી તેની અલગ માંગણી કે અલગ વહીવટ વ્યવસ્થા કરવા હક્કદાર નથી અને જમીનમાંનો હિસ્સો આખી બિલ્ડીંગના અન્ય માલિકો સાથે સંયુક્ત રાસુકો રાખવાનો છે અને રહેશે.

(૧૧) તમોને વેચાણ આપેલ મિલકત અંગેના તમામ મ્યુનીસીપલ ટેક્ષીસ, શિક્ષણવેરો વગેરે તેમજ હાલના તેમજ ભવિષ્યના સરકારી, અર્ધસરકારી વગેરે જે વેરા આવે તે તથા

SRT/2/UDN
№ 5049 20/27
2008

લાઇટબીલ કે તમોએ વેચાણ રાખેલ મિલકતમાં અન્ય જે સગવડ લીધી હોય તેના નાણાં ભરવાની જવાબદારી તમો વેચાણ લેનાર પહેલા પક્ષનાની છે સહી અને રહેશે સહી.

(૧૨) સદર **''ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર''** ની આખી બિલ્ડીંગના છેલ્લા માળ પર યાને સાતમા માળ ઉપર આવેલ આખી અગાસી (ટેરેસ)ની માલીકી, કબજો, વહીવટ તેમજ તમામ હક્કો મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીના એકલાના અબાધીત છે. તેમજ તેનો હોર્ડીંગના કામે, જાહેરાતના હેતુ માટે, હોટલ માટે, ડીશ એન્ટેના માટે યા અન્ય કોઇપણ કામ માટે વપરાશ-ઉપયોગ કરવા કરાવવા તેમજ સદર પેઢીની મરજી પડે તે પ્રમાણે તેની હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા, વેચાણ, ગીરો, બક્ષીસ કરવા, ભાડે અગર લાયસન્સીથી આપવા, બાંધકામ કરવા યા અન્ય રીતે વહીવટ વ્યવસ્થા કરવા વગેરે તમામ રીતે પ્રકારે સદર પેઢી એકલી હક્કદાર છે અને રહેશે અને તેમાં તમો પહેલા પક્ષના કે તમોને વેચાણ આપેલ મિલકતના અગ્રહકધારી, કબજેદારે, વપરાશદારે કશા પ્રકારનો અંતરાય, અવરોધ, હરકત, અડચણ કે તકરાર કરવા કરાવવાની નથી તેમજ અગાસીવાળા કોઇપણ ભાગ પર તમો પહેલા પક્ષનાને કોઇજ હક્ક આપવામાં આવેલ નથી, એવી સ્પષ્ટ શરત સાથે નીચે જણાવેલ મિલકત તમોને વેચાણ આપેલ છે. આમ છતાં તમો પહેલા પક્ષના તરફે યા વેચાણ આપેલ મિલકતના કબજેદાર, ધારણ કરનાર તરફે આ અંગે કોઇપણ પ્રકારની તરતકરાર ઉપસ્થિત કરવામાં આવે તો તે આથી રદબાતલ અને નિરર્થક થાય અને ગણાય સહી.

(૧૩) ભવિષ્યમાં અગાસી (ટેરેસ) યા તે પૈકીના કોઇ ભાગ પર વધુ બાંધકામ કરવા તથા તે પ્રમાણે બાંધેલા ભાગનો સદર મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીની મરજી પડે તે પ્રમાણે વહીવટ વ્યવસ્થા કરવા સદર પેઢી માલિક મુખત્યાર હક્કદાર છે અને રહેશે. અને ટેરેસમાં ભવિષ્યમાં જે બાંધકામ કરવામાં આવે તેમાં જઇ આવી શકાય તે માટે હાલમાં જે લીફટો આવેલ છે તથા જે સ્ટેરકેશ આવેલ છે તેનો ઉપયોગ-વપરાશ કરવા સદર પેઢી તથા તેમના વખતોવખતના ભાગીદાર તથા તેમના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઇની, લાયસન્સી હક્કદાર છે અને રહેશે સહી. તેજ પ્રમાણે સદર ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીગની મીલકતમાં જે ડ્રેનેજ, સેનીટેશન, પાણી, ઇલેક્ટ્રીક, ટેલીફોન વગેરે લાઇનો છે તેની સાથે અગાસી (ટેરેસ) તથા તેની ઉપર જે બાંધકામ કરવામાં આવે તે ભાગોનું જે તે લાઇનોનું જોડાણ કરવા તથા લીફટ સદર પેઢી વધારાના માળ કે માળો બાંધે ત્યાં સુધી તેની સર્વિસ લંબાવવા યાને તે રીતે લીફટનો ઉપયોગ કરવા સદર પેઢી હક્કદાર છે અને રહેશે સહી, અને તેમાં તમો પહેલા પક્ષનાએ કે પહેલા પક્ષના તરફે કોઇએ કોઇ હરકત, અંતરાય, અવરોધ, રૂકાવટ કે તરતકરાર કરવા કરાવવાના નથી અને કરે તો તે આથી રદબાતલ થાય સહી.

SRT/2/UDN
№ 5049-21/27
2008

(૧૪) સદર **"ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર"** બિલ્ડીંગમાં સૌથી નીચે આવેલ વધારાના પાર્કીંગવાળા આખા બેઝમેન્ટ ફલોરની માલીકી, કબજો અને સઘળા હક્કો સદર મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીના અબાધીત છે, અને સદર પેઢી તેનો તેઓની મરજી મુજબનો ઉપયોગ-વપરાશ કરવા તેમજ તેની વેચાણ, ગીરો, બક્ષીસથી યા અન્ય રીતે વહીવટ વ્યવસ્થા કરવા તેમજ ભાડે યા લાયસન્સથી આપવા વિગેરે તમામ રીતે પ્રકારે હક્કદાર છે અને રહેશે. સદર સૌથી નીચેના ભાગે આવેલ વધારાના પાર્કીંગવાળા બેઝમેન્ટમાં તમો પહેલા પક્ષનાને કોઇ જ હક્ક આપવામાં આવેલ નથી. એવી સ્પષ્ટ શરત સાથે તમો પહેલા પક્ષનાને નીચે જણાવેલ મિલકત વેચાણ આપેલ છે. આમ છતાં આ અંગે જો કોઇ તરતકરાર તમો પહેલા પક્ષના તરફે ઉપસ્થિત કરવામાં આવે તો તે આથી રદબાતલ અને નિરર્થક થાય અને ગણાય સહી.

(૧૫) પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતમાં તમો પહેલા પક્ષના એરકન્ડીશનર મશીન ગોઠવો તો એરકન્ડીશનર તમોને વેચાણ આપેલ મિલકતની અંદર રહે અને કોમન પેસેજ કે દાદર પર પ્રોજેક્ટ થાય કે તે તરફ બહાર પડે તે રીતે મુકવા-મુકાવવાના નથી, તેમજ અન્ય કોઇ પ્રોજેકશન કાઢવાનું નથી, તેમજ તેમાંથી નીકળતા પાણીનો નિકાલ પણ તમો પહેલા પક્ષનાએ તમોને વેચાણ આપેલ પ્રીમાઇસીસમાંથી જ કરવાનો રહેશે.

(૧૬) સદર **"ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર"** બિલ્ડીંગની આખી મિલકત પૈકી લોઅર બેઝમેન્ટ ફલોર (જે સૌથી નીચે આવેલ વધારાના પાર્કિંગવાળા બેઝમેન્ટની ઉપર આવેલ છે તે) સદર બિલ્ડીંગના માલીકો, કબજેદારો ધારણ કરનારા માટે રાસુકા પાર્કિંગના વપરાશ માટે છે. આ રાસુકા પાર્કીંગવાળા ભાગમાં ફસ્ટ કમ ફસ્ટ બેઝીઝ પ્રમાણે તમો પહેલા પક્ષના તમોને વેચાણ આપેલ મિલકતના ક્ષેત્રફળના પ્રમાણમાં પ્રમાણસર રીતે, મર્યાદિત રીતે તમારું વાહન અન્ય પ્રીમાઇસીસ હોલ્ડરને અડચણ, અવરોધ, તકલીફ ન પડે તે રીતે પાર્ક કરી શકશો. બહારના મુલાકાતીને-વ્યક્તિને આ પાર્કીંગનો ઉપયોગ વપરાશ કરવાનો હક્ક રહેશે નહીં.

(૧૭) સદરહુ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર બિલ્ડીંગની દક્ષિણ તરફના ભાગે આવેલ માર્જીનની જગામાં તેમજ સદરહુ બિલ્ડીંગના જે તે લીફટના પેસેજવાળા ભાગોમાં જાહેરાતનું બોર્ડ, હોર્ડીંગ્સ લગાવવાનો અને તે ભાડે આપવા યા અન્ય રીતે વહીવટ, વ્યવસ્થા કરવાનો મેસર્સ જય અંબે કોર્પોરેશનની ભાગીદારી પેઢીનો હકક અને અધિકાર સદર પેઢીએ અબાધિત રાખેલ છે. સબબ, તમો પહેલા પક્ષનાએ તે અંગે કોઇ તરતકરાર કરવા કરાવવાની નથી.

SRT/2/UDN
№ 5049 ૨૨/૨૮
2008

(૧૮) ઉપરોક્ત તમામ શરતોનું તેમજ અમો બીજા પક્ષનાની ખરીદીના દસ્તાવેજમાં જણાવેલ શરતોનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે શરતે જ નીચે જણાવેલ સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે. એટલું જ નહીં પણ ભવિષ્યમાં તમોને વેચાણ આપેલ મિલકત કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કરો યા અન્ય રીતે ટ્રાન્સફર કરો કે ભાડે આપો કે વાપરવા આપો યા અન્ય રીતે કબજો સોંપો યા વ્યવસ્થા કરો તેઓને પણ મજકુર શરત બંધનકર્તા રહેશે અને તેઓ સાથે તમો પહેલા પક્ષના જો કંઇ લખાણ કરો તો તેમાં ઉપરોક્ત શરતોનો સમાવેશ કરવાનો રહેશે. જેમ કરવામાં તમો પહેલા પક્ષના કસુર કરો તો પણ મજકુર શરતો તમો પહેલા પક્ષનાના ટ્રાન્સફરી, એસાઇની, લાઇસન્સી કે કબજેદાર કે ભાડુત વગેરે તમામને બંધનકર્તા રહેશે.

ઉપરોક્ત તમામ શરતોને આધીન તેમજ અમો બીજા પક્ષનાની ખરીદીના વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન તમો પહેલા પક્ષના તમોને વેચાણ આપેલ મિલકતની વેચાણ, ગીરો, બક્ષીસ કરવા, ભાડે આપવા ઇત્યાદી સર્વે વાતે વહીવટ વ્યવસ્થા કરવા હક્કદાર છો સહી.

SUB REGISTRAR UDHNA

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત પુરતું તમો પહેલા પક્ષના તમારા ખર્ચે સુરત સીટી સર્વે દફતરે તથા સુરત મહાનગર પાલિકાના દફતરે, ઇલેક્ટ્રીસીટી દફતરે આ દસ્તાવેજના આધારે તમો પહેલા પક્ષનાનું નામ દાખલ કરવા હક્કદાર છો સહી અને તેમાં જોઇતી સહી સંમતિ અમો બીજા પક્ષનાએ આપવાની છે. તેમજ આ દસ્તાવેજથી પણ તેવી સંમતિ ગણી લેવાની છે.

અમો વેચાણ આપનારની ખરીદીનો અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૭૫૮૬ તા. ૧૩-૧૪/૧૨/૨૦૦૬ નો તમોને સુપ્રત કરેલ છે.

આ વેચાણ દસ્તાવેજનો સ્ટાંપ, રજીસ્ટ્રેશન ફી વિગેરે તમામ ખર્ચ તમો પહેલા પક્ષના વેચાણ રાખનારે કરેલ છે અને ભોગવેલ છે. તેમજ ભવિષ્યમા પણ સ્ટાંપ ડ્યુટી, દંડ, વ્યાજ, રજીસ્ટ્રેશન ફી વગેરેની જે કાંઇ રકમ ભરવાની આવે યા અન્ય જવાબદારી આવે તો તે તમામ તમો પહેલા પક્ષનાએ-વેચાણ રાખનારે ભરવાની છે અને ભોગવવાની છે અને એ અંગે અમો બીજા પક્ષના વેચનારની કોઇ જવાબદારી રાખી નથી અને રહેશે નહીં.

SRT/2/UDN

№ 5049 231/27

2008

પરિશિષ્ટ

વેચાણ આપેલ મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના સગરામપુરા, મજુરાગેટ ક્રોસીંગ, રીંગરોડ વિસ્તારમાં આવેલ **વોર્ડ નંબર ૨, સીટી સર્વે નંબર ૧૯૩૨/૨-અ** થી નોંધાયેલી સુમારે ૫૫૩૩.૬૯૪૨ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન ઉપર બાંધવામાં આવેલ મીલકત કે જે **"ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર"** ના નામે ઓળખાય છે, તે પૈકી 'ડી' વિંગમાં હાયર ગ્રાઉન્ડ ફલોર પર પશ્ચિમ તરફના ભાગે આવેલ દુકાન કે જેને ખાનગી નંબર ડી/એચજી-૧૧ આપવામાં આવેલ છે, અને જેનું સુપર બીલ્ટઅપ ક્ષેત્રફળ સુમારે ૫૦૭ સમચોરસફુટ યાને ૪૭.૧૦ સમચોરસમીટર છે તે સ્વતંત્ર માલિકી હકકે તથા તળની જમીનમાં બાંધકામના પ્રમાણસર ૮.૯૭ સમચોરસમીટર વગર વહેંચાયેલ અવિભાજય રાસુકા હિસ્સા સાથે.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને અમારી રાજીખુશીથી, અક્કલ હોંશીયારીમાં, તન મનની સાવધ અવસ્થામાં બીનકેફ હાલતમાં વાંચી વંચાવી સાંભળી સમજી વિચારીને કરી આપેલ છે જે અમો બીજા પક્ષનાને તથા અમારા વંશ વાલી વારસોને કબુલ મંજુર તથા બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે------------------------------મતુ તત્રે------------------------------શાખ

વેચાણ આપનાર

વેચાણ રાખનાર :

R.V. Vadhwani

SRT/2/UDN

№ 5049 24/22

2008

SUB REGISTRAR (UDHNA)

વેચાણ આપનાર :

Rajanl.

અનુક્રમ નંબર 5049
સને 2008 ના માર્ચ માસની
18 મી તારીખે 1.00 થી 2.00
વાગ્યાની વચ્ચે સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)
સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

પહોંચ નંબર :-	૨૦૦૮૦૧૯૦૦૭૧૫૭	
ફી પહોંચી છે તે	રુ. પૈસા.	
નોંધવાની ફી :-		૬૩૪૦
ફોટો ફી પાનના(	૨૮):-	૨૮૦
ટપાલ :-		૦
એકંદરે કુલ :-		૬૬૨૦

(અંકે રુપિયા છ હજાર છસો વીસ પુરા.)

સંજય બાબુલાલ સુરાના

(આર. પી. સચદેવ)
જોઈન્ટ સબ રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

(આર. પી. સચદેવ)
જોઈન્ટ સબ રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

SUB REGISTRAR ... ૨ (ઉધના) ... 2 (UDHNA)

નામ અને સરનામુ	ઉંમર	ફોટોગ્રાફ	ડા.હા.અં.ની છાપ	સહી
સંજય બાબુલાલ સુરાના (વેપાર) ... તુકારામ સોસા., ...ડ રોડ, સુરત	૩૮			

પાન નં. ABIPS 4089 E

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

SRT/2/UDN
№ 5049 25/27
2008

૧. મહેન્દ્ર અંબેલાલ દેસાઈ (વેપાર)
ઘોડદોડ રોડ,
સુરત

જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. ________

તારીખ ૧૮ માહે માર્ચ - ૨૦૦૮

(આર. પી. સચદેવ)
જોઈન્ટ સબ રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

SRT/2/UDN
5049 26/27
2008

બજાર કિંમત નકકી કરવા અંગેનું ફોર્મ નં.૧ રજુ થયેલ છે.
તા. ૧૮/૦૩/૨૦૦૮

SUB REGISTRAR (UDHNA)

(આર. પી. સચદેવ)
જોઈન્ટ સબ રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

ઈન્કમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ની જોગવાઇ મુજબ
(૧) પાન નં./ઈ.જ.૨ નંબર
દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર.

લેનાર નંબર.

સંમતી આપનાર નંબર.

તારીખ: ૧૮-૩-૦૮

સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

૧ નંબરની બુકના ૫૦૪૯ નંબરે નોંધ્યો
તારીખ : ૧૮/૦૩/૨૦૦૮

(આર. પી. રાવદેવ)
જોઈન્ટ સબ રજીસ્ટ્રાર
સબ રજીસ્ટ્રાર કચેરી -૨ (ઉધના)

THE SEAL OF THE SUB REGISTRAR SURAT 2 (UDHNA)

SRT/2/UDN
No 5049
2008